
તાપમાન
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૩ | ૧૪ નવેમ્બર, ૨૦૧૬, સોમવાર ; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# હવે બિનહિસાબી સંપત્તિ સામે સ્ટ્રાઈક

## ગોવામાં નરેન્દ્ર મોદીની વધુ એક મોટી જાહેરાતથી ખળભળાટ : પોતાના સંબોધન વેળા મોદીએ લોકોને થઇ રહેલી તકલીફ માટે ૫૦ દિવસનો સમય માંગ્યો : સફાઇ થયા બાદ ઘરમાં નાના મચ્છર પણ નહીં આવી શકે છે



પણજી, તા.૧૩

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બજારમાંથી પરત લેવામાંઆવ્યા બાદ લોકોને થઈ રહેલી તકલીફો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશના લોકો પાસેથી ૫૦ દિવસનો સમય માંગ્યો હતો.તેમણે કહ્યું હતું કે, લોકોને પરેશાની થઈ રહી છે પરંતુ આ ૫૦ દિવસ બાદ તેઓ તેમના સપનાનું ભારત તેને આપવા જઈ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, સરકારે બ્લેક મનીની સામે પ્રથમ વખત પ્રહાર કરી રહી છે. હજુ ઘણા પગલા લેવાના બાકી છે. મોદીએ બ્લેકમની બાદ આગામી તબક્કામાં બેનામી સંપત્તિ ધરાવનાર સામે કઠોર કાર્યવાહી કરવાની વાત કરી હતી. મોદીના કહેવા મુજબ જે લોકોની પાસે બેનામી સંપત્તિ રહેલી છે તેમની સામે હવે સકંજો જમાવવામાં આવશે. ગોવામાં કેટલાક પ્રોજેક્ટોની શરૂઆત કરતા મોદીએ અનેક વખત વિપક્ષી રાજકીય પક્ષો ઉપર પ્રહાર કર્યો હતો. સાથેસાથે કેટલીક વખત ભાવનાશીલ પણ બની ગયા હતા. મોદીએ કહ્યું હતું કે, તેઓ દેશ માટે ઘર, પરિવાર અને તમામ ચીજો છોડી ચુક્યા છે. ખુરશી માટે તેઓ જન્મ્યા નથી. નોટ બદલવાને લઈને લોકોને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝીલેન્ડમાં ૭.૪ની તીવ્રતા સાથે ભૂકંપ

વેલિંગ્ટન,તા. ૧૩

ન્યુઝીલેન્ડના શહેર ક્રાઈસ્ટચર્ચની આસપાસ રિક્ટર સ્કેલ પર ૭.૪ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. આના કારણે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ હજુ સુધી મળ્યા નથી પરંતુ દેશના દક્ષિણી આઈલેન્ડમાં સુનામીના મોજા ઉછળ્યા હોવાના અહેવાલ મળ્યા છે. અમેરિકાના જીઓલોજી સર્વેએ કહ્યું છે કે, ન્યુઝીલેન્ડના શહેર ક્રાઈસ્ટચર્ચથી ૯૧ કિલોમીટર ઉત્તર પૂર્વમાં સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૧.૨ વાગે રિક્ટર સ્કેલ ઉપર ૭.૪ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો.

## એટીએમના સેટિંગ ફેરવવા માટેનું કામ આજથી શરૂ થશે

### ૨૦૦૦ રૂપિયાની નોટ પણ મુકાશે : રોકડ લેવડદેવડ અને સંચાલનની કામગીરી માત્ર આઠ કંપનીના હાથમાં : હાલ ૧૦૦ની નોટનો જથ્થો જાય છે



નવીદિલ્હી, તા. ૧૩

દેશના બે લાખથી વધારે એટીએમને વ્યવસ્થિત કરવા માટેનું કામ સૌથી મોટુ બની ગયું છે. મોટી નોટ પરત લેવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને થઈ રહેલી પરેશાનીઓ વધારવામાં એટીએમની ભૂમિકા દેખાઈ રહી છે. એટીએમને સતત ભરવામાં આવી રહ્યા છે પરંતુ કલાકોના ગાળામાં જ ખાલી થઈ રહ્યા છે. નવી નોટની દ્રષ્ટિએ આ મશીનોને રિકેલિબ્રેટ (સેટિંગ ફેરાવવા)માં ઓછામાં ઓછો બે સપ્તાહનો સમય લાગે તેમ ટેકનિકલ નિષ્ણાતો કહી રહ્યા છે. આવી સ્થિતિમાં અંધાધૂંધીને કઈ રીતે

● અનુસંધાન પાન-૭ પર

# હવે અઠવાડિયામાં ૨૪ હજાર ઉપાડી શકાશે

## એટીએમમાં ઉપાડવાની લિમિટ ૨૫૦૦ કરાઈ : નોટો બદલવામાં મર્યાદા વધારી ૪૫૦૦ કરાઈ : રૂપિયા ૫૦૦ની નોટ ઈશ્યુ કરી કરાઈ

નવીદિલ્હી,તા. ૧૩

નાગરિકોને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં આજે સરકારે કેટલીક જાહેરાતો કરી હતી. આરબીઆઈએ ૫૦૦ રૂપિયાની નવી નોટ જારી કરી દીધી હોવાના અહેવાલ પણ મળ્યા છે. બીજી બાજુ બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવાની સાપ્તાહિક મર્યાદા ૨૦૦૦૦થી વધારીને ૨૪૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે અને એક દિવસમાં ૧૦૦૦ રૂપિયા ઉપાડી શકાય છે. બેંકોને એવી સૂચના આપવામાં આવી છે કે હાલમાં એક્સચેંજ લિમિટ ૪૦૦૦ રૂપિયાથી વધારીને ૪૫૦૦ રૂપિયા કરી દેવામાં આવે. વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ લોકો માટે અલગ વ્યવસ્થા કરવાનું પણ સૂચન કર્યું છે. કેટલીક હોસ્પિટલો અને કેટરર્સની ઓનલાઈન પેમેન્ટ અને ચેક ડીડી ન સ્વીકારવાની ફરિયાદો આવી છે. લોકોને સૂચન કરવામાં આવ્યું છે કે, તેઓ પોતાના જિલ્લા અધિકારીઓ અને સંબંધિતોને આ સંદર્ભમાં ફરિયાદ કરે. નાણામંત્રાલય દ્વારા એમ પણ કહેવામાં આવ્યું છે કે, તેઓ પોતાના ગામોમાં રોકડની સમસ્યાનું ખાસ ધ્યાન રાખવામાં આવે.

નાણામંત્રાલયના કહેવા મુજબ એટીએમ અને બેંકો મારફતે લોકો આશરે ૫૦૦૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ ઉપાડી ચુક્યા છે. નિષ્ણાતો મુજબ ચાર દિવસના ગાળામાં સિસ્ટમમાં ત્રણ લાખ કરોડના ૫૦૦ અને ૧૦૦૦ના નોટ જમા કરવામાં આવ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ખુબ જ ટુંકાગાળામાં સ્થિતિને હળવી કરી દેવામાં આવશે. નવી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો જારી કરવામાં આવી ચુકી છે. બેંકોને એક્સચેંજ લિમિટ વધારવા માટે કહી દેવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ આજે રાત્રે નવ વાગે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં અરુણ જેટલી અને આરબીઆઈના ડેપ્યુટી ગવર્નરે પણ હાજરી આપી હતી.

# ...ને વધુ એક વખત પ્રધાનમંત્રી મોદી ભાવનાશીલ બની ગયા

**રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બજારમાંથી પરત લેવામાંઆવ્યા બાદ લોકોને થઇ રહેલી તકલીફો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશના લોકો પાસેથી ૫૦ દિવસનો સમય માંગ્યો હતો.તેમણે કહ્યું હતું કે, લોકોને પરેશાની થઇ રહી છે પરંતુ આ ૫૦ દિવસ બાદ તેઓ તેમના સપનાનું ભારત તેને આપવા જઇ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, સરકારે બ્લેક મનીની સામે પ્રથમ વખત પ્રહાર કરી રહી છે. હજુ ઘણા પગલા લેવાના બાકી છે. મોદી પોતાના ભાષણ દરમિયાન અનેક વખત ભાવનાશીલ બની ગયા હતા.**



- જે લોકોની પાસે કાળા નાણા છે તે કાગળના ટુકડાથી વિશેષ નથી જેથી આવા લોકો વધારે દિમાગ ન દોડાવે તેવી ચેતવણી તેઓ આપે છે
- કાળા નાણા ઉપર કરવામાં આવેલી કાર્યવાહી અંતિમ નથી. હજુ તેમના દિમાગમાં વધુ કઠોર વિચાર આવી રહ્યા છે જેને ચોક્કસપણે અમલી બનાવશે
- બેંકોની બહાર લાઈન લગાવીને ઉભેલા અને પરેશાની ઉઠાવી રહેલા લોકોનો તેઓ આભાર માને છે
- ૩૦મી ડિસેમ્બર બાદ આ પ્રકારની કોઈપણ સમસ્યા દેશના લોકોને નહીં આવે અને તેમના સપનાનું ભારત તેમને જોવા મળશે તેવી લોકોને ખાતરી આપી
- દેશનીસ્વતંત્રતાથી લઈને હજુ સુધી તમામ બાબતો જાહેર કરી દેવા માટે તેઓ તૈયાર છે
- ગરીબ લોકોના ૫૦૦ રૂપિયામાંથી એક રૂપિયો પણ લેવાની કોઈની તાકાત નથી
- અગાઉની સરકારોએ આની તરફ ધ્યાન આપ્યું ન હતું પરંતુ તેઓ કોઈ વાત છુપાવી રહ્યા નથી
- ભ્રષ્ટાચારની સમસ્યાનો અંત લાવવા ઈમાનદાર નાગરિકોની મદદ માટે ઐતિહાસિક પગલું લઈ ચુક્યા છે
- લોકોએ ભ્રષ્ટાચાર સામે લડવા માટે તેમને મત આપ્યા હતા જેથી પોતાની જવાબદારી સમજીને એક પછી એક પગલા લઈ રહ્યા છે
- નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેવી કેવી તાકાતોથી દુશ્મની કરી લીધી છે તે વાત તેઓ જાણે છે
- ૫૦ દિવસની તકલીફ છે. ઘરમાં સાફસફાઈ થયા બાદ એક મચ્છર પણ મકાનમાં ઘુસી શકતા નથી
- ટુજી કૌભાંડ અને અન્ય શ્રેણીબદ્ધ કૌભાંડ આચરનાર લોકો આજે ૪૦૦૦ રૂપિયા લેવા માટે બેંકોની લાઈનમાં ઉભા નજરે પડે છે
- જો તેઓ કોઈ ભુલ કરે છે તો દેશના લોકો જે પણ સજા આપે તે સજા ભોગવવા માટે તેઓ તૈયાર છે પરંતુ ભ્રષ્ટાચાર મુક્ત ભારતનું નિર્માણ થશે
- કેટલાક લોકો કહી રહ્યા છે કે, મોદી ડરી જશે પરંતુ મોદી કોઈ કિંમતે ડરશે નહીં
- ઘર, પરિવાર તમામ બાબતો દેશ માટે છોડી છે. ખુરશીને લઈને ક્યારે લાલચ રહી નથી
- ભ્રષ્ટાચારને પર્દાફાશ કરાશે. જો જરૂર પડશે તો આના માટે એક લાખ યુવાનોની ભરતીકરવાની જરૂર પડશે તો પણ કરશે
- ઈમાનદારીપૂર્વકના કામમાં મદદ કરવા લોકોને અપીલ

# દેશમાં હજુ પણ બેંકો પર અફડાતફડી

## નવી નોટોની દ્રષ્ટિએ મશીનોને વ્યવસ્થિત કરવા માટે હજુ સમય લાગે તેવા સંકેત હોવાથી તકલીફ હાલ નહીં ઘટે : વહેલી સવારથી લાંબી લાઇનો લાગી





નવીદિલ્હી,તા. ૧૩

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ અંધાધૂંધી અને અફડાતફડીનો અંત હજુ પણ આવી રહ્યો નથી. આજે સતત પાંચમા દિવસે પણ યથાસ્થિતિ રહી હતી. રવિવારના દિવસે લોકોની સુવિધા માટે બેંકો ખુલ્લી રાખવામાં આવી હતી પરંતુ લોકો વધુ પ્રમાણમાં તમામ બેંકોની બ્રાંચ ઉપર ધસી ગયા હતા. જેથી અફડાતફડી રહી હતી.

સરકારી અને ખાનગી એવી તમામ બેંકો ઉપર સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. એટીએમ ઉપર પણ આવી જ સ્થિતિ રહી હતી. એટીએમ ઉપર પણ વહેલી સવારથી જ લાઈનો લાગી ગઈ હતી. સ્થિતિને હળવી કરવા માટે સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે પરંતુ એટીએમમાં પુરતી વ્યવસ્થા હજુ થઈ રહી નથી જેથી અંધાધૂંધી જારી રહી શકે છે.

એટીએમ મશીનમાં ૧૦૦ રૂપિયાની નોટનો ઉપયોગ વધારે થઈ રહ્યો છે. એટીએમ મશીનમાં હજુ સુધી નવી નોટના સ્લોટની વ્યવસ્થા કરવામાં આવી નથી. શુક્રવાર અને આજે શનિવારના દિવસે પણ ઘણા એટીએમ સંપૂર્ણપણે સક્રિય દેખાયા ન હતા. એટીએમ શરૂ થઈ ચુક્યાછે પરંતુ લોકોની ઈચ્છા મુજબ કામ થઈ રહ્યું નથી.

બીજી બાજુ એટીએમ ઉપર લાંબી લાઈનો પણ જોવા મળી હતી. બેન્કોની બહાર પણ મોટી લાઈનો જોવા મળી હતી. એટીએમમાં હવે જૂની નોટ પણ ઘણીએ જોવા મળી રહી નથી. બીજી બાજુ રાજ્યભરમાં એટીએમ અને બેંકોની બહાર લાંબી લાઈનો હોવાના પરિણામે અંધાધૂંધીની સ્થિતિ યથાવત રહી હતી. નારાજ થયેલા લોકો અને સુરક્ષા કર્મીઓ વચ્ચે ઘણી જગ્યાએ ઝપાઝપ થઈ હતી. આજે પણ આ સ્થિતિ જોવા મળી હતી.

બેંકો, પોસ્ટ ઓફિસ, એટીએમ ખાતે લાંબી લાઈન યથાવત રહી હતી. મંગળવારના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટને બંધ કરવાની જાહેરાત કર્યા બાદ અંધાધૂંધીનો દોર યથાવત રહ્યો છે. મોટાભાગના લોકો વહેલી સવારથી જ એટીએમની બહાર કતાર લગાવીને બેસી ગયા હતા. એકઠા થયેલા લોકોએ રૂપિયા વિથડ્રો કરવા માટે પ્રયાસ પણ કર્યા હતા. પરંતુ મોટાભાગના એટીએમની અંદર કરન્સી લોડ કરવામાં ન આવી હોવાથી રકમ ઉપાડી શકાતી ન હતી.બીજી તરફ લાંબા સમય સુધી પણ કેટલાય વિસ્તારોના એટીએમના શટર ન ખુલતા જે લોકોએ વહેલી સવારથી એટીએમની બહાર લાંબી કતાર લગાવી હતી તે લોકોએ ફરીથી નેશનલાઈઝડ બેંકો કે ખાનગી બેંકો અને સહકારી બેંકોની બહાર રૂપિયા ઉપાડવા કે જમા કરાવવા અંગે લાંબી કતારો લગાવી દેતા પોલીસની હાજરી હોવાછતાં પણ અનેક સ્થળોએ અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ન્યુરોન
દર બુધવારે ન્યુરોનના ન્યુરોફીઝીશીયન વિસનગર અને માણસામાં...
● વાઈ /ખેંચ ● લકવા ● માથાનો દુ:ખાવો ● કંપવા / ધ્રુજારી ● મણકાની તકલીફ / સ્પાઈનના રોગો ● ચક્કર
ડૉ. કમલ નાગર (DM ન્યુરોલોજીસ્ટ) ૯૮૨૫૮૪૭૫૮૬
ડૉ. ભાવેશ સોલંકી (DM ન્યુરોલોજીસ્ટ) ૯૭૨૬૦૭૭૫૮૬
સમય : વિસનગર : સવારે ૧૧ થી ૨ માણસા : બપોરે ૩ થી ૬
વિસનગર: બંસીધર સીટી સ્કેન સેન્ટર, ૫, વિસત કોમ્પલેક્ષ, શિર્ડીનગર સોસાયટી પાસે, મોર્ડન ઈંગ્લિશ સ્કૂલ પાસે, ધરોઈ કોલોની સામે, ખેરાલુ, અંબાજી હાઈવે રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૭૭૭૮૦૭૫૨૫૦
માણસા: બંસીધર ડિઝીટલ એક્સ-રે, સોનોગ્રાફી ક્લિનીક, ૬ પહેલો માળ, ભગવતી શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડની સામે, એસ.ટી.રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૦૨૭૬૩-૨૭૩૬૦૦
ન્યુરોન, નહેરુનગર ચાર રસ્તા, હનુમાન મંદિર સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો : ૦૯૯૨૫૯૦૭૫૮૬ / ૦૯૮૨૫૦૦૭૫૮૬ / ૦૯૯૦૯૭૦૭૫૮૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651